**મે. સુરતની શ્રમ અદાલત નં.૩ ના ન્યાયધીશશ્રી (એસ.ડી.) અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.૧૦૭૪/૨૦૨૫**
**આંક : ૧૭**

**ફરિયાદી : શ્રી સરકાર પક્ષે શ્રી એસ.એસ.શાહ**
નાયબ શ્રમ આયુકતની કચેરી, એ/૬, બહુમાળી મકાન, નાનપુરા,સુરત.
સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળના નિરીક્ષક, સુરત.

**// વિરૂધ્ધ //**

**આરોપીઓ : (૧)મર્સિગ્લોબલ સીસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ–સંસ્થા**
**(૨)શ્રી ગગન ગોપીલાલ રાજ–ડિરેકટર**
ઠે.૪૦૧, ટ્રિનિટી સિગ્નસ, સોમેશ્વર સર્કલ,
પતંજલીની ઉપર, યુ એમ રોડ, સુરત–૩૯૫૦૦૨.

**ગુન્હો:** **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૨, ૨૧(૪), ૨૧(૧)(i) ના ભંગ અન્વયે.**

**// ચુકાદો //**

**(૧)** સદર કામ આજ રોજ નેશનલ લોક–અદાલતના દિને રાખવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં હાથ પર લેવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરિયાદી ધ્વારા હાલના આરોપીઓ સામે **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૨, ૨૧(૪), ૨૧(૧)(i)** ના ભંગ અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હા સંદર્ભેની ધોરણોસર ફરિયાદ આ અદાલતમાં દાખલ કરતા ઈન્કવાયરી કરી ગુન્હા સંદર્ભે કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. આરોપીઓને સમન્સ બજી જતા આરોપીઓ હાજર થયેલ છે. આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં આરોપીઓ હાજર હોય જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે.

**(૨)** આ કામે આરોપીઓએ આંક–૧૩ અને આંક–૧૪ થી ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આ કામે આરોપીઓને ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તે અંગેની પ્લી આંક–૧૫ અને આંક–૧૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૩)** આરોપીઓએ ગુન્હો સ્વૈચ્છાએ કબુલ કરતા હોવાનું તથા કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલાત પુરસીસ રજુ કરી સહી કર્યાનું કબુલ કરેલ છે. વધુમાં આરોપીઓએ જણાવેલ છે કે, તેઓ આરોપીઓનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને કાયદાની અજ્ઞાનતાના કારણે ગુન્હો બનવા પામેલ છે, આ ગુન્હા બદલ તેઓ અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરે છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો ન બને તેની પુરેપુરી ખાત્રી અને ભરોસો આપે છે, તેઓને કેદની સજા કરવામાં આવે તો ધંધા, રોજગાર બંધ થઈ પડે તેમજ તેઓના પરિવારને તેમજ સંસ્થાના કામદારોને પણ તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે. જેથી તેઓ આરોપીઓને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આરોપીઓ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ગુજરાત લઘુત્તમ વેતન**

**અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૨, ૨૧(૪), ૨૧(૧)(i)** નો ભંગ કરી લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ની કલમ–૨૨(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. તે સંજોગામાં આરોપીઓ સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ પર આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતાં આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે તક આપવામાં આવે તે યોગ્ય અને ન્યાયી જણાય છે. અગાઉ આરોપીઓએ આવા પ્રકારનો ગુન્હો કરેલ હોય કે દોષીત ઠરેલ હોય તેવી કોઈ રજુઆત નથી. આરોપીઓ સામેનો આ પ્રથમ ગુન્હો હોય, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે **ગુજરાત લઘુત્તમ વેતન અધિનિયમના નિયમ–૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૨, ૨૧(૪), ૨૧(૧)(i)** ના ભંગ બદલ લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ ની કલમ–૨૨(એ) હેઠળ શિક્ષાને પાત્ર ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) તેમ મળી કુલ રૂા.૧૨,૦૦૦/–(અંકે રૂપિયા બાર હજાર પુરા) દંડની સજા કરવામાં આવે છે. આરોપીઓએ કુલ **રૂા.૨૪,૦૦૦/– (અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા)** દંડ ભરવો.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–સુરત.
તા.૧૪/૦૩/૨૦૨૬

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
U.I.C. No.GJ01285
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અને ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૩, સુરત.